January 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

જ્ઞાન · દર્શન · ચારિત્ર · શ્રી પાટણ જૈન મંડળ મુંબઈ-પાટણ · ESTD. 100 1912 · સેવા * સહકાર * સંગઠન · Shree Patan Jain Mandal

Year 17 ● Issue 04 / 191
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



સમુદ્રમાં આવતી ભરતી અને ઓટની જેમ કોરોના-ઓમીક્રોનના આંકડાઓની દેશના જુદા જુદા રાજ્યોમાં વધ-ઘટ થયા કરે છે. પહેલી અને બીજી કોરોના લહેરની સરખામણીએ ત્રીજી લહેરમાં મોટા ભાગના દર્દીઓ ઘરે સારવાર લઈ સ્વસ્થ થાય છે, છતાં પણ ઘરમાં એકને કોરોના થાય તો અન્યોએ સાવધ રહેવું પડે, નહીં તો સાથે રહેતા સહુ સદસ્યો આ રોગની અડફેટે આવી જાય છે. આવા સંજોગોમાં **શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ પદની ચૂંટણીના ઉમેદવારોની સંમતિથી ચૂંટણી માર્ચ મહિના સુધી સ્થગિત કરવાનું નિરીક્ષકોએ ઠરાવ્યું છે.**

મંડળની વ્યવસ્થાપક સમિતિમાં અગાઉ નક્કી થયા અનુસાર મરીનડ્રાઈવ ખાતે આવેલ અદ્યતન સુવિધાઓ સહીતના શ્રી પાટણ જૈન મંડળ હોલ સાથે દાતાશ્રીનું નામ જોડવાની શરતે રૂા. ૧ કરોડ કે તેથી વધુ રકમનું દાન સ્વીકારવામાં આવશે તેવી વિજ્ઞપ્તિના અનુસંધાનમાં **શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ** (અમદાવાદ) દ્વારા ૧ કરોડનું દાન આપવાનું સ્વીકારાયેલ છે. તદ્નુસાર આ હોલનું **''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટિ હોલ''** નામાભિધાન કરવાનું નક્કી થયેલ છે. મજકુર રૂા. ૧ કરોડની સખાવત સંસ્થામાં સમાજ વિકાસ કોરપસ ફંડ ખાતે જમા રાખવામાં આવશે. અને તેના ઉપજતા વ્યાજની રકમનો ઉપયોગ સમાજના જરૂરિયાતમંદ પરિવારોના સર્વાંગી વિકાસ માટે સહાય આપવા, કરવામાં આવશે.

**શ્રી રાકેશભાઈના પત્ની સ્વ. ગીતાબેનના પિતા શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ (કુંભારીયા પાડો)** વર્ષો સુધી મંડળના પ્રમુખ પદે હતા તેમજ મંડળના વિવિધ હોદ્દા ઉપર રહી મંડળના માધ્યમથી તેઓ શ્રી દ્વારા અનેક સમાજ ઉત્કર્ષના કાર્યો થયા હતા. મંડળની સાથે એમના પુત્રી ગીતાબેનનું નામ જોડાયેલું રહે એવી ઉદાર ભાવનાથી શ્રી રાકેશભાઈએ શ્રી પાટણ જૈન મંડળને ઉપર્યુક્ત સખાવત સમર્પિત કરી છે, તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

પાટણ પ્રિમિયર લીગના મુખ્ય સ્પોન્સરર **શ્રી સૌરિનભાઈ શાહ (ઢંઢેરવાડો),** ભાગ લેનાર દરેક ટીમોના સ્પોન્સરર તથા અન્ય સહયોગી દાતાઓના આર્થિક યોગદાનથી ચાલુ વર્ષે ટુર્નામેન્ટની મેચો દર, શનિવાર - રવિવાર રમાય છે, છેલ્લા ચાર વર્ષથી રમાતી આ ટુર્નામેન્ટનું જીવંત પ્રસારણ યુટ્યુબ દ્વારા જોઈ શકાય છે. રસપ્રદ તબક્કામાં પહોંચેલ આ ટુર્નામેન્ટ સમાજના સૌ ક્રિકેટ રસિયા ઘરે બેઠા જોઈ શકે તે માટે મેચની લીંક મંડળ તરફથી વોટ્સએપ મારફત મોકલાય છે. આ ટુર્નામેન્ટની ફાઈનલ આવતા મહિને યોજાવાની ધારણા છે.

**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત, શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ સને ૧૯૯૯થી પાટણમાં કાર્યરત છે.** શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠના માધ્યમથી પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાનની ઉત્તમ પ્રવૃત્તિ પાટણમાં ચાલી રહી છે. જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ દ્વારા ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાના સંસ્થાના હેતુને ચરિતાર્થ કરવા જ્ઞાનપીઠમાં વાર્ષિક લગભગ રૂપિયા ૨૬ લાખથી વધુ ખર્ચ થવા પામે છે. **શ્રુતજ્ઞાન પ્રદાનની ઉપર્યુક્ત પ્રવૃત્તિને સંપૂર્ણ આત્મ નિર્ભર બનાવવા મંડળ દ્વારા રૂપિયા પાંચ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.** અગાઉના અંકમાં આ બાબત વિસ્તારપૂર્વક જણાવેલ અને રૂપિયા ૧૧ લાખ તેમજ રૂપિયા ૫ લાખનું દાન આપનાર દાતાઓની જ્ઞાનપીઠ ખાતે કાયમી નામની તક્તી, સંસ્થાના વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તરીકેના હક્કો તેમજ અન્ય લાભો વિશે માહિતી આપી હતી. અત્યાર સુધી લગભગ દોઢ કરોડથી વધુ દાનના વચનો મળી ગયેલ છે, મંઝિલ થોડી લાંબી જરૂર છે પરંતુ મને સમાજના ધર્મપ્રેમી સખીદાતાઓમાં પૂર્ણ શ્રદ્ધા છે, જેથી નિર્ધારેલ લક્ષ્યાંક સત્વરે પાર પાડી શકવા સંસ્થા જરૂર સફળ થશે જ. સમાજના દાતાઓ, **જૈન ધર્મના જ્ઞાન પ્રસાર અને પ્રચારના આવા ઉમદા કાર્યમાં આર્થિક સહયોગ આપી સંસ્થાની આ પ્રવૃત્તિ અવિરત ચાલુ રહે એ માટે આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થાય એવી મારી નમ્ર વિનંતી છે.**

**તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૨ના દેશના ૭૩માં ગણતંત્ર દિવસની સમાજના સૌને શુભેચ્છા.**

❑ દિનેશ શાંતિલાલ શાહ

# પાટણ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ (સિઝન – V)




શ્રી સૌરીન શાહના સૌજન્યથી પાટણ પ્રિમિયર લીગ સિઝન – V ની શુભારંભની ઝલક

તા. ૦૮, જાન્યુઆરીથી બોરીવલી **''કાવીરની સ્પોર્ટસ અરીના'' ગ્રાઉન્ડ પરથી શ્રી સૌરીનભાઈ શાહ પ્રેરીત ''પાટણ પ્રિમિયર લીગ''ની પ્રથમ મેચની શુભ શરૂઆત થઈ હતી.**

સરકારની કોવીડની ગાઈડલાઈનને અનુસરી મર્યાદિત સંખ્યામાં પ્રેક્ષકોની હાજરીમાં **દર શનિ-રવિવારે મેચોના આયોજન થઈ રહ્યા છે.** સમાજનાં સહુ ક્રિકેટ રસિકો આ ટુર્નામેન્ટનું જીવંત પ્રસારણ જોઈ શકે તે માટે **You Tube** પર **Live Streamingની વ્યવસ્થા M/s Filco Trade Centre Pvt. Ltd.** ના સૌજન્યથી કરેલ છે. મુંબઈમાં અન્ય સમાજો અને ક્લબો દ્વારા યોજાતી સ્થાનિક ક્રિકેટ ટુર્નામેન્ટોમાં **''પાટણ પ્રિમિયર લીગ'' PPL** એ આયોજનની આધુનિકતા અને વિશિષ્ટતાને લીધે સારી ખ્યાતિ સાથે ઉચ્ચ દરજ્જો મેળવ્યો છે. આ ખ્યાતિ અને પ્રસિદ્ધિના ખરા હક્કદાર ''પાટણ પ્રિમિયર લીગ''ના મુખ્ય તેમજ અન્ય સ્પોન્સરર, ટીમ ઓનર્સ, ખેલાડીઓ તથા કમિટિ મેમ્બરો છે જેમને લીધે આ ક્રિકેટ ટુર્નામેન્ટ, સ્પોર્ટ ઈવેન્ટની સાથે - સાથે આપણા સમાજના યુવા વર્ગને ખેલદીલીથી સ્નેહના તાંતણે જોડતું **''સ્નેહ સંમેલન''** થઈ ગયું છે.

પ્રથમ રાઉન્ડથી સેમી ફાઈનલ સુધીની મેચોની સમાપ્તિ બાદ ટુર્નામેન્ટની ફાઈનલ મેચની જાહેરાત શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વોટ્સએપ તેમજ અન્ય માધ્યમોથી કરવામાં આવશે જેની નોંધ લેશો.

❑ **સ્પોર્ટસ સમિતિ**



**પધારો પધારો પધારો**

## નવનિર્મિત તીર્થ :

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ – ભેંસાવહી



વડોદરા થી ૭૬ કિ.મી.ના અંતરે (દોઢ કલાક) ભેંસાવહી ગામે સુંદર નૂતન ચોવીસ જિનાલય તીર્થનું નિર્માણ થયું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. તેમજ એની વિશિષ્ટતારૂપે ૨૪ તીર્થંકર અને વિશ વિહરમાન સિમંધર સ્વામી - પરિસરની નયનરમ્ય રચના કરવામાં આવેલ છે. દરેક ભગવાનના પરિકરની રચના અલગ અને અદ્‌ભુત છે. સાથે જ અદ્યતન વ્યવસ્થા અને સુવિધાવાળી ધર્મશાળા અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. આ ધર્મશાળા અને ભોજનશાળાનો લાભ **''શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (માટલીવાલા) (કનાસાનો પાડો) પરિવારે''** લીધેલ છે. આપ સર્વે ભાવિકોને આ તીર્થમાં પધારી સેવા પૂજા દર્શનનો અચૂક લાભ લેવા વિનંતી. વિશ્વના ૧૦૦ જોવા લાયક સ્થળોમાં જેની ગણના થાય છે તે **''સ્ટેચ્યુ ઓફ યુનિટી''** અહીંથી માત્ર ૬૫ કિ.મી. (સવા કલાક)ના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત તેમજ તીર્થના દર્શન - સેવાપૂજા - નવકારશી આમ 'યાત્રા' તેમજ 'પર્યટન' બન્નેનો આનંદ લઈ શકશો.

**વધુ વિગત માટે સંપર્ક :- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા મો. નં. 9930891985**

ADVT

## તંત્રી સ્થાનેથી...

### "SPEAK KIND WORD AND YOU WILL HEAR KIND ECHOES"

આપણા દેશને ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્રતા મળી અને ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતમાં પોતાના બંધારણનો અમલ શરૂ થયો. અત્યારે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. દેશને મળેલ આઝાદી પછીના સમય ગાળા વિશે વિચારતા એટલું તો જરૂર કહી શકાય કે અનેક બાબતોમાં દેશે ખૂબ પ્રગતિ કરી છે. દેશમાં સાક્ષરતા વધી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રસાર વધવાની સાથે આજે સમગ્ર દેશને વિજળી અને સડકના જોડાણથી જોડતું માળખું તૈયાર થયું છે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન સરકાર દ્વારા લેવાયેલ મહત્વના નિર્ણયોના કારણે અર્થતંત્ર અને સંરક્ષણની દ્રષ્ટિએ દેશ સક્ષમ છે.

સ્વતંત્રતા પહેલાં ગાંધીજીને એક પત્રકારે પૂછ્યું હતું કે, **"તમારી દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી સમસ્યા કઈ છે ?"**

ગાંધીજીએ કહ્યું હતું, **"શિક્ષિતો અને શ્રીમંતોની, નિરક્ષરો અને નિર્ધનો પ્રતિની અસંવેદનશિલતા."** ગાંધીજી, ઈચ્છતા હતા બધા યથાશક્તિ અન્યોને સહાયરૂપ થવાની ભાવના રાખે તો સુંદર-સુખી અને સમૃદ્ધ સમાજ અને રાષ્ટ્રનું સ્વપ્ન ચરિતાર્થ થતું જોઈ શકાય. દીન-દુખી તથા અશક્ત વગેરે જીવો પ્રત્યે દયાપૂર્વક દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિ કે કરૂણાવૃત્તિ થી સહાય થાય તેને **"અનુકંપા દાન"** કહે છે.

જૈન ધર્મના શાસ્ત્રજ્ઞો સાચું કહે છે કે, સાધર્મિક ભક્તિ એ વાસ્તવમાં "સંઘ રક્ષા" છે. જૈન ધર્મમાં સાધર્મિક ભક્તિનું અનેરું મહત્વ છે, સાધર્મિકોની ઔચિત્યપૂર્વક ભક્તિ કરી તેમને ધર્મકૃત્યમાં જોડવા, સ્થિર કરવા એ શ્રાવક જીવનનું કર્તવ્ય છે. સાધર્મિક સાથે પૂછપરછ તેમજ વાતચીતમાં વિવેક જરૂરી છે. કોઈના સ્વમાનને ઠેસ ન લાગે તેની તકેદારી રાખી સાધર્મિક ભક્તિ થવી જોઈએ.

સાધર્મિક એક એવો જીવંત શબ્દ છે, જે સાંભળતાં જ પ્રભુનાં શાસનને પામેલા શ્રદ્ધાવૈભવી કોઈ ગુણીયલ વ્યક્તિની છબી મનમાં ઉપસી આવે, જીવનમાં ક્યારેક 'પુણ્યની થોડી નબળાઈ'ને કારણે કઠીનાઈ આવે અને પુણ્ય ઉદયમાં આવી પ્રકાશતા જ આ જીવોની ખાનદાનીનો, ઝળકતાં જૈનત્વનો સંસ્થાના સંચાલકો તેમજ કર્મચારીઓને અવારનવાર સુખદ અનુભવ થાય છે, એ સત્ય પ્રસંગો (ઓળખ વગર) રજૂ કરતા ધન્યતા અનુભવું છું.

o દશેક દિવસ પહેલા લગભગ ૭૫ વર્ષના એક વડીલ ફોન કરી સંસ્થાની ઓફિસમાં આવ્યા. સંસ્થા પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેઓશ્રીનું કહેવું હતું ૧૧ વર્ષ પહેલા તેમની ધર્મપત્નિની માંદગી દરમ્યાન સંસ્થાએ રૂા. ૩૫,૦૦૦/- મેડિકલ સહાય કરી હતી. પરિસ્થિતિ થાળે પડતા આટલા વર્ષ નીકળી ગયા, પરંતુ સહાય લીધી હતી ત્યારેજ સંકલ્પ કર્યો હતો આર્થિક પરિસ્થિતિ સુધરે તો સંસ્થાને સહાયના પૈસા પરત કરી અન્યને સહાયરૂપ થવાય તે રીતે નિયમિત ફાળો આપવો છે. અગિયાર વર્ષ પહેલાના સંસ્થાના સાચવી રાખેલ સહાયના કાગળો પણ બતાવ્યા, તેમજ સહાયના રૂા. ૩૫,૦૦૦/- તેમજ વધુ રૂા. ૧૦,૦૦૦/- મળી કુલ રૂા. ૪૫,૦૦૦/- નો ચેક આપી કૃતજ્ઞતા બતાવી. સંસ્થામાંથી સહજભાવે વિદાય લેતા એ વડીલને જોઈ મસ્તક નમી ગયું.

o ગુજરાતના એક ગામમાં રહેતા વિધવા બહેન નિયમીત દવાના બીલો, ડોક્ટરનું પ્રિશક્રીપ્શન મોકલી દવા સહાય લેતા. છોકરો - વહુ એજ ગામમાં માતાથી જુદા રહેતા. નોકરીમાંથી રીટાયર્ડ થયેલ છોકરાને પેન્શન આવતું. વર્ષોથી મંડળની સહાય લેતા માતુશ્રીનું ૮૫ વર્ષની ઉંમરે અવસાન થયું, સહાયની અરજીઓ આવતી બંધ થઈ ગઈ હતી. થોડા મહિના બાદ રૂા. ૫૦,૦૦૦/-નો ચેક મંડળના નામે આવ્યો અને છોકરાએ ફોન કરી સંસ્થામાં જણાવ્યું, અમારા માતુશ્રી લખી ગયા હતા, "મેં સંસ્થામાંથી નિયમીત દવા સહાય લીધી છે એ ક્ષેત્રે રૂા. ૫૦,૦૦૦/- શ્રી પાટણ જૈન મંડળને પહેલા ભેટ આપશો પછી જ કાગળમાં લખ્યા પ્રમાણે સૌએ ભાગ વહેચવા" એમના પુત્રએ ફોન પર આ વાત કરી ત્યારે ખરેખર ધન્ય થઈ જવાયું...!

o થોડા વર્ષો પહેલા એન્જિનિયરીંગનો અભ્યાસ કરતી પાટણની મુંબઈમાં રહેતી હોંશિયાર વિદ્યાર્થીનીને કોલેજ ફી માટે સહાયની જરૂર પડી. સંસ્થાની માર્ગદર્શિકા પ્રમાણે લગભગ ૬૦ ટકા ફીની મંડળ તરફથી સહાય અપાઈ. બાકીની ફી પાટણ સમાજના દાતાઓના ખાનગી ટ્રસ્ટ, તેમજ આપણા સમાજનાં કેટલાંક સદ્‌ગૃહસ્થોએ ભેગા કરી આપી. ત્રણ વર્ષ સુધી આ પ્રમાણે ફી ભરાઈ હતી. એન્જિનિયરીંગમાં સારા માર્કે ઉત્તિર્ણ થઈ વધુ અભ્યાસ અર્થે વિદ્યાર્થીની વિદેશ ગઈ ત્યાં ઉચ્ચ અભ્યાસની ડીગ્રી મેળવી સારી નોકરીએ લાગી પગાર આવતા જ પ્રથમ મંડળમાંથી સહાયરૂપ મળેલ રૂા. બે લાખનો ચેક લઈ તેના પિતાશ્રી આવ્યા અને કહે, "મારી દીકરીના ભણતરને લીધે અમે આ રકમ સંસ્થાને પરત કરવા ભગ્યશાળી થયા છીએ". આપ આ ચેક સ્વીકારો પણ મહેરબાની કરીને અમારું નામ જાહેર કરશો નહીં, કેવી ઉચ્ચભાવના! જેને બિરદાવતા સંસ્થા તેઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે.

**ઉપર્યુક્ત અનુભવોનો સારાંશ એ છે કે, "સંસ્થા કે સમાજમાં સહાય માટે આવનાર વ્યક્તિ સાથે સંવેદના અને સઃહ્રદયતાથી વ્યવહાર થાય તો તેનો ઉમદા 'પ્રતિઘોષ' સાંભળવા મળશેજ!! "Speak kind word and you will hear kind echoes"**

❑ **સંપાદક સમિતિ**


**ઘર વેચવાનું છે**

**ઓનરશીપ 1 BHK ફ્લેટ વેચાણથી આપવાનો છે.**
**કારપેટ 386 Sq.ft. કંપાઉન્ડમાં દેરાસર, પ્લેગ્રાઉન્ડ,**
**પાર્કીંગની વ્યવસ્થા, સ્ટેશનથી ૨ મિનિટના અંતરે**
**જ્યોતિ પાર્ક, ૧૪ મેં માળે, એમ.જી. રોડ, કાંદિવલી (વે), મુંબઈ-૬૭**

**સંપર્ક : મહેશભાઈ શાહ : 9820397197**
**નિરંજનભાઈ શાહ : 9323102274** ADVT

## ON TIME, EVERY TIME...

As the saying goes, timing is everything. Even when it comes to eating meals, aligning our meals with our **natural circadian rhythm** will help us function optimally and lead a healthy lifestyle. Natural circadian rhythm means the highly elaborate physiological system that coordinates our sleep-wake-up cycle and all the hormones and metabolic processes tied to that in our body.

Our work schedules and family obligations may make it difficult to take breakfast in the morning. Nowadays, due to TV and other entertainment available 24/7, **we stay awake for longer hours** to watch our favorite web series, check social media, and play games on mobile or surf online. **We are sitting and having junk food most of the night** means consuming extra calories and less activity, leading to a higher risk of obesity.

**The most common disorders** related to unhealthy meal timings are **diabetes, obesity, and cardiovascular diseases** as it leads to irregular fat distribution, increased density of blood, and narrowing of vessels due to fats.

Many skip meals with the desire to lose weight, but skipping meals can cause low energy levels, decrease muscle mass, and increase irritability and weakness. Skipping a meal can increase our likelihood of eating more quickly or eating more than we may need at our next meal.

We need a certain amount of energy each day and at different times throughout the day. This energy comes from the carbohydrates, fats, and proteins we consume. Regular meals and snacks give our body the energy and nutrients it needs to function optimally and help in better body weight, hormone regulation, and other metabolic improvements.

**The consistency and timing of our meals/ snacks** throughout the day is key to keeping our body energized and **provides several health benefits like it aids to proper digestion,** as there are specific timings that our stomach prepares itself for digestion. So a late dinner is not advisable because the metabolism rate is low at night, so have dinner at least three hours before bed for **peaceful sleep.**

Having meals on time can help us determine our portion size and calorie intake. Eating irregularly makes such calculations very difficult. When we have healthy meals on time, we refrain from having junk or fast food, so less risk of obesity. We invite **fluctuating sugar levels, if we miss our meals or have meals at odd timings.** Having meals at specific timings **regulates our blood pressure** because our whole system gets tuned to the schedule. Our body knows when to expect food, so our blood pressure is maintained.

**A few tips for a healthy meal are,** take three meals and two snacks per day, during a 12-hour time period in a day. The ideal 12-hour time period is from 7 am to 7 pm. As far as possible, take more calories during the daytime meals and evening snacks, dinner should have fewer calories. **Try to eat natural foods and nutrient-dense snacks, not processed or packed foods** which are readily available.

**The ideal timing for meals is as follows:**

The ideal time for **breakfast is between 7 am to 8 am**, and try to eat a high protein, carbohydrates, and calorie-dense breakfast. Between **10 am to 10.30 am** could be a good time for **morning snack** and **lunch between 12 pm to 1 pm,** which should have a good mix of all the food groups that provide both macro and micronutrients. **Evening snacks** could be **between 3 pm to 4 pm** and should be small in quantity but high in nutrition. **Dinner** should be **between 7 pm to 8 pm** and ideally, should contain half portion as compared to lunch viz light and healthy.

Our body has an innate wisdom to guide our eating throughout the day, we just need to develop and strengthen our ability to hear it. Consistent meal timing plays a crucial role in helping our bodies to develop those reliable hunger cues. So flocks **follow ancient wisdom, which teaches us to eat on time and space out our meals** this can be a lifestyle change for each of us.

❑ **Viral Narendra Jhaveri**

## CONGRATULATIONS

It is a very proud moment for our Patan samaj that **Mrs Jimmy Tarang Shah** (Kumbharia Pado-Goregaon) along with her son Jash Tarang Shah and daughter Pashmi Shah have grabbed a deal of Rs 1 Crore of Investment from Ashneer Grover (BharatPe), Aman Gupta (BoAt) and Vineeta Singh (Sugar Cosmetics) for their brand India's First Healthy IceCream "Get-A-Whey", at the famous **Shark Tank India TV Show.**

**"Get-A-Whey"** is a healthy Ice-Cream. It is 4 times richer in protein, it is with zero sugar and low in calories too. Needless to say all products are 100% eggless vegetarian. They have 12 international flavours of which 4 are Keto-Friendly and are very soon launching Low Calorie Ice-Cream Sandwich and Vegan Ice-Cream too

Their vision is to provide healthy options for all indulgent desserts across the country with a wide variety of innovative products in the healthy space.

It is our honour and pride to have such entrepreneurs and we look forward to associate with them for guiding budding entrepreneurs of our new Patni generation.

**Congratulation's to Jimmy Tarang Shah & Family.**

## પાટણના મહોલ્લા

**(શ્રીમતી પરિસીમાબેન અરવીંદકુમાર શાહ દ્વારા ગતાંકથી ચાલુ)**

**ભેંસાતવાડો :-** અહીંના શ્રી ગૌતમસ્વામી જિનાલયમાં ઈન્દ્રભૂતિ મહાવીર પ્રભુની દેશના સાંભળે છે તથા ૧૧ ગણધરો દીક્ષા અંગિકાર કરે છે તેવો પટ છે.

**શાહના પાડો :-** શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી શામળા પાર્શ્વનાથનું જિનાલય છે, તેમજ અહીંના શ્રી આદેશ્વરજી જિનાલયમાં સંપ્રતિ મહારાજાના સમયની દાદાની કેશધારી પ્રતિમાં બિરાજમાન છે.

**ખડાખોટડીના પાડો :-** અહીં આવેલ જિનાલયમાં પ્રાચિન ને ચમત્કારી પ્રગટ પ્રભાવી શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમા છે. ભગવાનની પલાઠીમાં સવામણ ચોખા (૨૫ કિ) સરળતાથી સમાઈ જાય છે, અહીં ધારેલી મનોકામના પૂર્ણ થાય છે.

શ્રી અષ્ટાપદ જિનાલય (પીપળાની શેરી) ડહેલામાં સામે ત્રણ ગુરુ મૂર્તિ, ૭૦૦ વર્ષ પુરાણું અંબિકાદેવીનું મંદિર છે.

કોટાવાળા ધર્મશાળામાં આવેલ જિનાલયમાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ બીરાજમાન છે, તે ઠમણાજીની વાડી તરીકે ઓળખાય છે. તેમના નેત્રયુગલમાંથી સતત અમીધારા વરસતી હોય તેવું લાગે છે. પ્રતિમા ઉપર નાગની ફણા અને લાંછન સુધી પહોંચતી નાગની પૂંછડી દ્રશ્યમાન છે.

**ટાંગડિયાવાડો :-** શ્રી આદેશ્વર ને શ્રી પદ્મપ્રભ જિનાલયમાં ત્રણ દ્વારવાળો ગભારો છે. અહીં પણ શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય વિદ્યમાન છે જેમાં ૩૫૨ ગણધરના પગલા તથા દર્શનિય સહસ્ત્રકુટ બિરાજમાન છે. આ ઉપરાંત અગાઉના સમયમાં મેરૂ શિખરની સુંદર રચના હતી જે ટૂક સમય અગાઉ શ્રી પંચાસરા પાર્શ્વનાથ નજિનાલય ખાતે લઈ જવામાં આવેલ.

ફાટીપાળ દરવાજા બહાર શ્રી પાટણ જૈન મંડળ કેમ્પસમાં આવેલ જિનાલયનું ટૂંક સમય પહેલા જ પાયાથી નવસર્જન કરાવી સંવત ૨૦૭૧ના મહાવદ, ૧૪ના મંગલ મુહુર્તે નૂતન ત્રિશિખરીય જિનાલયમાં શ્રી આદિનાથ દાદાની મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થયેલ છે.

આ ઉપરાંત ફાટીપાળ દરવાજા ખાતે આવેલ જિનાલયમાં કરડિંયાવીર પાર્શ્વનાથ બિરાજે છે.

ભારતી સોસાયટીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય છે.

આશિષ સોસાયટીના જિનાલયમાં શ્રી સહસ્ત્રફણા ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ વિજય ૐકાર સૂરીજીની નિશ્રામાં થઈ હતી.

કુમારપાળ સોસાયટીમાં આવેલ જિનાલયમાં શ્રી આદેશ્વરદાદા અને ભદ્રંકર સોસાયટીમાં શ્રી સુવિધિનાથ બિરાજે છે.

પાટણ જૈન ધર્મનું પિયર જ્યારે મુસ્લિમો માટે મક્કા ગણાતું. ગુજરાતની રાજધાની તરીકે પાટણ ૬૬૫ વર્ષ સુધી યશ પતાકા ફરકાવતું હતું. શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે પાટણ અગ્રેસર રહ્યું છે.

આધુનિક નારીનું ઘરેણું છે પાટણનું પટોળુ.

સાત રાષ્ટ્રીય પુરષ્કાર મળેલા મશરૂ અને માટીના આકર્ષક રમકડા, જોડા-પગરખા માટે પાટણ પ્રખ્યાત છે.

સોનાચાંદીના ઘરેણા તેમજ પાટણ શુદ્ધ વલોણાના ઘી માટે ૧૨૫ વર્ષ જૂનું બજાર ત્રણ દરવાજા પાસે આવેલું છે.

**અસ્તુ.**

### પાટણ જવા માટે સુવિધાજનક ટ્રેન

**૩૧ ડિસેમ્બર થી ૧૮ ફેબ્રુઆરી** સુધી દર શુક્રવારે એક નવી ટ્રેન બાન્દ્રા-બાડમેર **(ટ્રેન નંબર ૦૯૦૩૭)** માટે ચાલુ થઈ છે, તેનો સમય બાન્દ્રા થી સાંજે ૭.૨૫ મિનિટે ઉપડે છે અને વહેલી સવારે ૫.૩૩ મિનિટે પાટણ અને સવારે ૬.૫૫ મિનિટે ભીલડી (ભીલડીયાજી તીર્થ) પહોંચે છે.


**ડિસેમ્બર-૨૦૨૧, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | | | |
|---|---|---|---|
| શ્રીમતી મીનાક્ષીબેન અશોકભાઈ, ડીસાવાલા, | ૬,૦૦,૦૦૦ | શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુરમહેતાનો પાડો) | ૨૧,૦૦૦ |
| શાંતિનાથની પોળ, હ. શ્રી મિલનભાઈ કાંતિલાલ તેલિયાવાળા | | શ્રીમતી સરલાબેન દેવેન્દ્રભાઈ શાહ (માર.મહેતાનો પાડો) | ૨૧,૦૦૦ |
| મયુશાબેન ચેતનભાઈ શાહ, શિકાગો (U.S.A.) | ૧,૧૩,૫૦૦ | હ. નેહા, શ્વેતા, હિતેષી, આયુષી | |
| હ. શ્રી પિયુષભાઈ ડી. શાહ, પાર્લા | | શ્રીમતી જાસુદબેન મફતલાલ શાહ, હ. શ્રી પન્નાબેન અશ્વીનભાઈ | ૨૧,૦૦૦ |
| શ્રીમતી ગુણવંતીબેન મહેતા (હોમીભાઈ મહેતા) | ૧,૧૧,૦૦૦ | શ્રી મિતેશભાઈ શાહ (અરીકાબેન) | ૧૫,૦૦૦ |
| શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી ભૂમિકાબેન (ખેતરવસી) | ૧,૦૧,૦૦૦ | શ્રી જશવંતલાલ કસ્તુરચંદ શાહ | ૧૪,૦૦૦ |
| મે. વાસુ કેમિકલ LLP, (અતીચાર સૂત્રના પુસ્તક વિમોચન નિમિત્તે) | ૫૪,૦૦૦ | શ્રી હિયાન ઝવેરી, શરદભાઈ શાહ, ઉમંગભાઈ શાહ, ચૌધરીની શેરી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી હંસાબેન હસમુખભાઈ બાલુભાઈ શાહ (માર. મહેતાનો પાડો) | ૫૧,૦૦૦ | શ્રીમતી મિનાક્ષીબેન બીપીનભાઈ શાહ, ગોરેગામ | ૧૧,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૭,૦૦૦ | શ્રી કાંદિવલી જૈન શ્વે. મુ. સંઘ (કાંદિવલી-વે) | ૧૧,૦૦૦ |
| મે. નેશનલ રીફાઈનરી પ્રા.લિ. (ચોધરીની શેરી) | ૨૭,૦૦૦ | શ્રીમતી મોનાલીબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ભોગીલાલ મણિલાલ સોનાવાલા (ચોધરીની શેરી) | ૨૭,૦૦૦ | શ્રી ગુજરાતી શ્વે. મુ. જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| શ્રી કેશવલાલ મણિલાલ સોનાવાલા (ચોધરીની શેરી) | ૨૭,૦૦૦ | શ્રી પ્રકાશભાઈ મહાસુખભાઈ શાહ, અબજીમહેતાનો પાડો | ૧૧,૦૦૦ |
| શ્રી પનાલાલ મણિલાલ સોનાવાલા (ચોધરીની શેરી) | ૨૭,૦૦૦ | શ્રી વૃંદાબેન ધીરેનભાઈ શાહ | ૧૦,૦૦૦ |
| J.K. Foundation (ભાભાનો પાડો) | ૨૧,૦૦૦ | શ્રી શાંતિલાલ સી. મહેતા | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## Details of corpus and sahay for Medical

| | 2020 - 2021 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction Rs.in Lacs** |
| **Medical Relief** | | | | |
| Smt.Sudhaben Pannalal Chudgar Fund | 58.50 | 50 | 26.99 | 17.01 |
| **Medicine Relief** | | | | |
| Shri Pravinchandra Keshrichand Shah | 61.11 | 541 | 99.37 | 37.79 |
| **Mother & Child Health Care** | | | | |
| Smt. Subhadraben Vrajlal Ambalal Shah Fund | 12.30 | 2 | 0.68 | 0.47 |
| **Pediatric Treatment** | | | | |
| Smt Madhurika Narendra Shah Fund | 16.00 | 1 | 0.30 | 0.15 |
| **Neurological Treatment** | | | | |
| Smt.Sushilaben Kantilal Nagardas Shah Fund | 5.51 | 6 | 2.50 | 1.62 |
| **Kidney Treatment** | | | | |
| Shri Champaklal Mafatlal Chudghar Fund | 19.50 | 6 | 2.97 | 2.35 |
| **Cancer Treatment** | | | | |
| 1. Jabhalawala Pariwar Fund | 28.14 | 11 | 6.50 | 6.10 |
| 2. Shri Kirtilal Somchand Shah Fund | 8.01 | | | |
| **Cancer Fund General Mandal Fund** | 0.75 | | | |
| **Cancer Surgery** | | | | |
| Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) Fund | 11.11 | 2 | 2.55 | 1.56 |
| Pushpaben Hasmukhlal Shah Fund | 21.00 | | | |
| **Eye Check-up** | | | | |
| Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) Fund | 6.75 | 7 | 1.50 | 1.00 |
| **Heart Care Treatment** | | | | |
| 1. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 49.06 | 13 | 6.10 | 4.86 |
| 2. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 10.11 | | | |
| **Orthopedic Treatment** | | | | |
| Smt. Kalavati Kantilal Mafatlal Chudgar Fund | 10.29 | 9 | 3.50 | 2.40 |
| **ENT Treatment** | | | | |
| Smt. Gulabben Ramanlal Nagindas Shah Fund | 25.00 | - | - | - |
| **Diabetes** | | | | |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 7.51 | 15 | 1.98 | 1.37 |
| **Dialyses** | | | | |
| Nirmalaben Ravindrabhai Mohanlal Shah Fund | 26.50 | 2 | 1.53 | 1.02 |
| **Dental Surgery** | | | | |
| Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah Fund | 25.00 | 4 | 0.28 | 0.14 |
| **Investigation & Diagnosis** | | | | |
| 1. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 5.51 | 19 | 3.16 | 2.51 |
| 2. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 5.51 | | | |
| **Mediclaim Floater Policy** | | | | |
| 1. Smt. Shardaben Babubhai Kalidas Shah | 89.34 | 67 | 12.83 | 4.49 |
| **Mediclaim Policy Premium Reimbersement** | | | | |
| 1. Shri Bhogilal Chunilal Jhaveri Fund | 15.00 | 172 | 35.22 | 15.42 |
| 2. Shri Devchand Nagardas Zaveri Fund | 11.00 | | | |
| Mediclaim General Mandal | 1.11 | | | |
| **Medical General Mandal** | 139.55 | | | |
| **Total** | **669.17** | **927** | **207.96** | **100.26** |

# Details of corpus and sahay for Education

| | 2020 - 2021 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction Rs.in Lacs** |
| **Pre Primary**<br>1. Maulik-Divyabalaben Navinchandra Shah Fund<br>2. Smt. Sadhanaben Mahendra Popatlal Shah Fund | <br>25.00<br>25.00 | <br>18 | <br>8.12 | <br>4.50 |
| **Std. I to IV**<br>Smt. Lilavati Khoobchand Sarupchand Shah Fund<br>Maulik - Divyabalaben Navinchandra Shah Fund<br>Haste : Mahendrabhai Popatlal Shah | <br>10.18<br>25.00 | <br>30 | <br>7.57 | <br>4.41 |
| **Std.V to Graduation & Text book**<br>1 Sevantilal Kantilal Trust Fund<br>2 Shri Deepakbhai Champaklal Zaveri Fund<br>Text book | <br>111.07<br>15.00 | <br>129<br>2 | <br>38.49<br>0.13 | <br>19.09<br>0.08 |
| **Higher Education Books**<br>Shri Vadilal Chunilal Shah Fund | <br>10.50 | <br>1 | <br>0.17 | <br>0.05 |
| **Post Graduation Education**<br>Shri Amrutlal Mulchand Shah Fund | <br>10.51 | <br>6 | <br>15.86 | <br>2.27 |
| **Information Technology**<br>Shri Pankaj Chandrakumar<br>Manilal Zaveri (Saheba) Fund | <br>7.56 | <br>1 | <br>4.52 | <br>2.34 |
| **Computer Education**<br>Shri Popatlal Bhikachand Zaveri Fund | 8.50 | 7 | 2.74 | 0.85 |
| **Vocational Courses**<br>Smt.Hasumatiben Rameshchandra<br>Bapulal Shah Fund | 25.11 | 5 | 2.04 | 1.04 |
| **Buisness & Management**<br>Shri Jagdishbhai Manilal Sanghavi Fund | 15.00 | 9 | 9.48 | 2.73 |
| **Post-Graduation Merit Scholarship**<br>Keshavlal Kilachand Charitable Trust Fund | 2.00 | કોવીડના કારણે અરજીઓ મંગાવેલ નથી. | | |
| **Tutorials Class Education**<br>1 Shri Yashvadan Jesinglal Choksi Fund<br>2 Smt.Kusumben Rasiklal Himatlal Shah Fund | <br>8.03<br>25.11 | <br>16 | <br>9.81 | <br>4.39 |
| **C.A.** | - | 9 | 4.75 | 1.45 |
| **Company Secretary** | - | 1 | 0.49 | 0.24 |
| **Finance** | - | 6 | 2.65 | 1.47 |
| **Engeeniring**<br>Smt. Gunvantiben Pravinchandra<br>Keshrichand Shah Fund | 25.11 | 16 | 11.68 | 4.35 |
| **Womens Udhyam Talim**<br>Smt. Nirmalaben Shantilal<br>Rikhavchand Shah Fund | 11.78 | 2 | 0.89 | 0.45 |
| **Hostel** | - | - | - | - |
| **Medical Education**<br>Pramodbhai Bhogilal Uttamchand Zaveri Fund | <br>25.00 | <br>16 | <br>7.79 | <br>4.65 |
| **Shikshan Sahay Fund Mandal** | 160.00 | | | |
| **Grand Total** | **545.46** | **274** | **127.18** | **54.37** |
| **Revolving Fund ( Education ) Loan** | 183.00 | 13 | - | 46.50 |

## Details of Corpus and Sahay for Social Upliftment

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Application in Nos. | Sanction Rs.in Lacs |
|---|---|---|---|
| | 2020-2021 | | |
| **Aarthik & Bhada Sahay** | | | |
| 1. Smt Motiben Manilal Vadilal Zaveri Fund | 20.94 | 151 | 21.00 |
| 2. Smt. Hansaben Rameshchandra Chabildas Jhaveri Fund | 29.00 | | |
| **Bhada Sahay** | - | 108 | 4.08 |
| **Mandal Fund** | **36.88** | | |
| **Total** | **86.82** | **259** | **25.08** |
| **Mahila Utkarsh Sahay** | | | |
| Late Kanchi Jatinkumar Zaveri (Saheba) Fund | 14.52 | 34 | 6.76 |
| **Mandal Fund** | **5.55** | | |
| **Total** | **20.07** | **34** | **6.76** |
| **Senior Citizen Sahay** | | | |
| 1. Shri Kesarichand Jesinglal Shah Fund | 45.67 | 125 | 22.73 |
| 2. Smt Kantaben Chimanlal Shah Fund | 7.50 | | |
| 3. Smt. Kalaben Laxmichand Zaveri Fund | 7.50 | | |
| **Mandal Fund** | **78.61** | | |
| **Total** | **139.28** | **125** | **22.73** |
| **Widow Sahay** | | | |
| 1. Sadhnaben Mahendrakumar Popatlal Shah Widow Sahay Fund | 28 | 64 | 3.07 |
| **Total** | **28** | **64** | **3.07** |
| **Viklang Utkarsh Sahay** | | | |
| 1. Shri Alkesh Bhadrakumar Memorial Trust Fund | 9.55 | | |
| 2. Shri Pannalal Mafatlal Chudgar Fund | 11.70 | 23 | 4.94 |
| 3. Smt.Niruben Sevantilal Dalpatchand Shah Fund | 7.62 | | |
| **Mandal Fund** | **76.82** | | |
| **Total** | **105.69** | **23** | **4.94** |
| **Udhyam Protsahan** | | | |
| 1. Arvindbhai Girdharlal Shah Fund | 18.38 | 14 | 8.30 |
| **Total** | **18.38** | **14** | **8.30** |
| **Grand Total** | **398.04** | **519** | **70.88** |


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ – મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

## સાભાર સ્વીકાર

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ જનરલ ફંડ:**

૬,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ) (કુલ અગિયાર લાખ પ્રાપ્ત થયેલ છે.)

૫,૦૦,૦૦૦/- શ્રી હર્ષદભાઈ મણિલાલ સંઘવી (મારફતિયા મહેતાનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રી આદેશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગામ)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી હસુમતીબેન અરવીંદકુમાર ગીરધરલાલ શાહ (મલ્લાતનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રીમતી મીતાબેન બીપીનભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી) (કુલ પાંચ લાખ પ્રાપ્ત થયેલ છે.)

**વિદ્યાલય સ્કોલરશીપ ફંડ :**

૫૧,૦૦૦/- ડો. અતુલભાઈ રામનાથ અગ્રવાલ, પાટણ

**શિક્ષણ સહાય ભેટ :**

૧૦,૦૦૦/- શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર શાહ (મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રી ખુશ્બુ તથા શ્રી આશના

**મેડિકલ સહાય ભેટ :**

૪૫,૦૦૦/- શ્રીમતી પ્રફુલાબેન અમીતભાઈ માણેકલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

૨૧,૦૦૦/- શ્રી જનકભાઈ જિતેન્દ્રભાઈ શાહ (મનમોહનજીની શેરી)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૨૧,૦૦૦/- સ્વ. શ્રી વિરલ નિરંજનભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી કાનનબેન તથા શ્રી જૈનિકભાઈ નિરંજનભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

## શ્રદ્ધાંજલિ

શ્રી પાટણ જૈન મંડળ તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ શાહ (મહાદેવાજીની શેરી)**નું તા. ૩૧-૧૨-૨૦૨૧ના ૭૭ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા મંડળ અને સમાજે દુ:ખની લાગણી અનુભવી છે.

સદ્ગતશ્રી મંડળમાં ત્રણ વર્ષ ફાઈનાન્સ સેક્રેટરી પદે રહી સંસ્થામાં સરાહનીય સેવાઓ પુરી પાડી હતી. તેમની વિદાયથી કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખમાં મંડળ સંવેદનાની લાગણી વ્યક્ત કરે છે. પરમાત્મા સદગતના આત્માને ચિર:શાંતિ અર્પે તેવી પરમાત્માને પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

**''એક ભગવાન ભરાવવા છે''** આ સદ્વિચારની જેમ જો એક સાધર્મિક ઉગારવાનો વિચાર પણ દરેક શક્તિસંપન્ન પુણ્યવંતને આવે તો બસ...! ભગવાન ભરાવ્યા પછી કાયમ તે ભગવાન અંગે **''આ મારા ભગવાન''** એવો (આત્મિયતાનો) ભાવ રહેતો હોય છે, પછી તે ભગવાનનું ખોળું બને, મુગટ બને, આંગી થાય તે બધા જ માટે તેવોજ ભાવ પ્રગટે છે.

**આવી વાત્સલ્યધારા જો કોઈ એક સાધર્મિક પરિવાર માટે પણ રાખી શકાય, તો સમય અને સંજોગોને આધિન પારાવાર હાડમારી ભોગવતા આપણા બાંધવોના મુક આશિષ મેળવી શકાય.**


## ઘર વેચવાનું છે

**ગ્રાન્ટરોડ (વે), સ્લેટર રોડ, ઓનરશીપ 1 BHK ફ્લેટ વેચાણથી આપવાનો છે. કારપેટ 590 Sq.ft. (બે બેડરૂમની શક્યતા) ફર્નીચર સાથે આપવાનો છે. રસોડામાં ડાઈનીંગની વ્યવસ્થા, બે બાથરૂમ, ૪ થે માળે (લિફ્ટ છે), પુરતા હવા ઉજાસ, સ્ટેશન, દેરાસર, સ્કુલ, હોસ્પિટલ, શાક માર્કેટ બે થી પાંચ મિનિટના અંતરે, જૈન પાડોશ.**

**સંપર્ક : દક્ષાબેન શાહ : 8898227343**
**નિરંજનભાઈ શાહ : 9323102274** ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ભગવાનદાસ ચીમનલાલ શાહ | ૮૯ | ગ્રાન્ટરોડ | ૦૭-૦૪-૨૦ | ફાગણ સુદ ૧૧ |
| દશા શ્રીમાળી | કુંભારીયા પાડો | વિપુલભાઈ જયસુખલાલ શાહ | ૬૨ | ફોર્ટ | ૧૬-૧૨-૨૧ | માગશર સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | અનીલાબેન દિનેશભાઈ શાહ | ૭૭ | સુરત | ૨૦-૧૨-૨૧ | માગશર વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | ખેતરવશી | નાયશા અમીષકુમાર ઝવેરી | ૧૦ | વાલકેશ્વર | ૨૨-૧૨-૨૧ | માગશર વદ ૦૩ |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | વિવેક વિલેશભાઈ દલાલ | ૩૬ | ગોવાલિયા ટેન્ક | ૨૨-૧૨-૨૧ | માગશર વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | મહાદેવાજીની શેરી | પ્રફુલભાઈ અમૃતલાલ શાહ | ૭૭ | નેપિયન્સી રોડ | ૩૧-૧૨-૨૧ | માગશર વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | નવીનચંદ્ર હિરાલાલ શાહ | ૮૫ | બોરીવલી | ૦૨-૦૧-૨૨ | માગશર વદ ૩૦ |
| દશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | નયનાબેન શિરીષભાઈ શાહ | ૮૧ | જૂહુ સ્કીમ | ૦૫-૦૧-૨૨ | પોષ સુદ ૦૩ |
| વિશા પોરવાલ | ચોધરીની શેરી | સરોજબેન હસમુખલાલ ઝવેરી | ૮૨ | વિલે પાર્લા | ૦૬-૦૧-૨૨ | પોષ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | અરૂણાબેન પ્રબોધભાઈ શાહ | ૭૬ | મરીનડ્રાઈવ | ૧૨-૦૧-૨૨ | પોષ સુદ ૧૦ |
| સાલવી | સાલવી વાડો | જયંતિલાલ નારણદાસ સાલવી | ૭૨ | ભાયંદર | ૧૩-૦૧-૨૨ | પોષ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | પુષ્પાબેન મહેન્દ્રભાઈ શાહ | ૮૭ | વાલકેશ્વર | ૧૪-૦૧-૨૨ | પોષ સુદ ૧૨ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી પાટણ જૈન મંડળ

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## વિદ્યાર્થી સન્માન સમારોહ-ભારતના આઝાદીની અમૃત મહોત્સવની ઉજવણી-વાર્ષિકોત્સવ સ્પંદન-૨૦૨૧નું ભવ્ય આયોજન

**શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના પટાંગણમાં શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી સ્પોર્ટ્સ સંકુલ ખાતે દિનાંક ૧૭-૧૨-૨૦૨૧ના દિને વાર્ષિકોત્સવ નિમિત્તે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ,** ભારતવર્ષના આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી તથા સ્પંદન-૨૦૨૧ના સાંસ્કૃતિક આયોજનના ત્રિવેણી સંગમ સમો ભવ્ય કાર્યક્રમ સમગ્ર દિવસ દરમ્યાન આયોજિત કરાયો હતો.

**સવારે ૯.૩૦ કલાકે દેશની આઝાદીના ૭૫ વર્ષની ઊજવણીએ દેશ ભક્તિના ગીતોનો સંગીતમય કાર્યક્રમ રજૂ કરવાની સાથે સાથે ગત વર્ષ દરમ્યાન વિવિધ ક્ષેત્રોએ સફળતા મેળવી સ્કુલને સિદ્ધિઓ ભેટ ધરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું પારિતોષિક એનાયત કરી બહુમાન કરાયું હતું, આ ઉપરાંત પ્રિન્સીપાલશ્રી ડો. બળદેવભાઈનું શ્રેષ્ઠ આચાર્યશ્રીનો એવોર્ડ મેળવવા બદલ તેમજ વિવિધ દાતાશ્રીઓનું પણ સન્માન કરાયું હતું.**

ઉપરોક્ત પ્રસંગે ગાંધીનગર ખાતેની દેશની સર્વ પ્રથમ ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતીશ્રી હર્ષદભાઈ શાહ તથા અધ્યક્ષ ડો. કુણાલભાઈ પંચાલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેઓશ્રી તથા સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહના વરદ હસ્તે વિદ્યાર્થીઓને તથા દાતાશ્રીઓને સન્માનિત કરાયા હતા.

માનદમંત્રીશ્રી રાજેન્દ્રભાઈના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ અધ્યક્ષ સ્થાનેથી બોલતા શ્રી હર્ષદભાઈ શાહે બાળકોને માતૃભાષા પર પ્રભુત્વ મેળવવા આહવાન કર્યું હતું. તેઓએ વિદ્યાલયના બાળકોને, વાલીઓને તથા શિક્ષકગણને **વિનામૂલ્યે યોગ્ય તાલિમ આપી, બાળકોને ભારતના શ્રેષ્ઠ નાગરિક બનાવવાનું વચન આપતા યુનિવર્સિટી સાથે જોડાવવા નિમંત્રણ આપ્યું હતું.**

**આ પ્રસંગે કુલપતીશ્રી હર્ષદભાઈએ વિદ્યાલયની મુલાકાત લઈ સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન, કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની પ્રતિમાજીનું અનાવરણ કર્યું હતું.** તેઓ વિદ્યાલય પરિસરમાં દિવાલો તથા લોનમાં વિવિધ વિષયોને અનુરૂપ તૈયાર કરાયેલ રચનાઓ નિહાળી પ્રભાવિત થયા હતા.

**ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિએશન વાર્ષિક સભાઃ-**

બપોરે ૩ કલાકે એસોશિએશનની વાર્ષિક સભાનું આયોજન થયું હતું, ઉપસ્થિત સભ્યો દ્વારા હિસાબોને બહાલી આપી એસોશિએશનને વધુ મજબુત કરવા અપીલ કરાઈ હતી. અસ્વસ્થ તબિયતના કારણે આજે ઉપસ્થિત નહીં રહી શકનાર તથા વર્તમાન પ્રમુખ પદેથી નિવૃત્તી લેનાર પ્રમુખશ્રી ચીનુભાઈ એચ. શાહે એસોશિએશનને અર્પેલ સેવાઓને બિરદાવવામાં આવી હતી. તેઓની ખાલી પડેલ જગ્યાએ નવા પ્રમુખ પદે ડો. યશવંતભાઈ એચ. ઝવેરી તથા ઉપપ્રમુખ પદે શ્રી દાનેશભાઈ વી. માટલીવાળાની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

સાંજે ૫.૩૦ કલાકે ''સ્પંદન'' ૨૦૨૧ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રિશ્રી કીર્તિસિંહજી વાઘેલા તથા જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયરામભાઈ જોષી વિદ્યાલય પટાંગણમાં પધારતાં સ્કાઉટના વિદ્યાર્થીઓએ બેન્ડ-વાજા સાથે તેમજ શાળાની બાલીકાઓએ તિલક કરી ફુલથી વધાવી તેઓનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. **શિક્ષણ મંત્રિશ્રીએ દાતાશ્રીની પ્રતિમાજીને ફુલ હાર અર્પીત કર્યા બાદ અમૃત મહોત્સવ નિમિત્તે એકત્રિત કરાયેલ ફંડના દાતાશ્રીઓની ગ્રેનાઈટ તક્તીનું અનાવરણ તેમજ નવા શરૂ કરાયેલા સ્માર્ટ ક્લાસનું તથા રીનોવેશન થયેલ લાયબ્રેરીનુ ઉદ્‌ઘાટન કર્યું હતું. શિક્ષણમંત્રિશ્રીએ ક્લાસરૂમમાં બેસી ડીજીટલ ક્લાસનું ડેમોન્સ્ટ્રેશન નિહાળી પાટણ ખાતે આવી શિક્ષણ પદ્ધતિ શરૂ કરનાર વિદ્યાલયની પ્રસંશા કરી હતી.** સાંજે ૬.૩૦ કલાકે શિક્ષણમંત્રીશ્રી કીર્તિસિંહજી તથા સંસ્થાના હોદ્દેદારોએ દિપ પ્રાગટ્ય કરી સ્પંદન-૨૦૨૧ કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો.

શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય તથા નીરૂબેન સેવંતીલાલ પ્રાથમિક શાળાના લગભગ ૨૨૦ બાળકો દ્વારા સુંદર મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. જેમાં રજૂ થયેલ એકથી એક ચડિયાતી એવી ૧૨ કૃતિ નિહાળી ઉપસ્થિત ૨૦૦૦ની જન મેદનીના તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. **ઉપસ્થિત હોદ્દેદારો, મહેમાનો, વાલીગણ, આચાર્યશ્રી, શિક્ષકગણ તરફથી ભાગ લેનાર વિદ્યાર્થીઓને ૬૦,૦૦૦/-થી પણ વધુ રકમની ભેટ આપી પ્રોત્સાહીત કરાયા હતા.**

સ્પંદન સમારોહ અધ્યક્ષ શિક્ષણમંત્રિશ્રી કીર્તિસિંહજી વાઘેલા તથા મુખ્ય મહેમાન **જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયરામભાઈ જોષીનું સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ તથા અન્ય હોદ્દેદારોએ શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી બહુમાન કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. બળદેવભાઈએ વિદ્યાલયનો આછો પરિચય આપી મહેમાનો પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો.** શિક્ષણમંત્રિશ્રીએ પોતાના વક્તવ્યમાં ૭૭ વર્ષ પહેલા દિર્ઘ દ્રષ્ટી રાખી સ્કુલની સ્થાપના દ્વારા શિક્ષણની જ્યોત પ્રગટાવનાર શેઠશ્રી ભોગીલાલ દોલતચંદ શાહ તથા સંચાલક સંસ્થા શ્રી પાટણ જૈન મંડળને નમન કર્યું હતું. **મંચસ્થ મહાનુભવોની ઉપસ્થિતિમાં વિદ્યાલયના વાર્ષિક અંક ''સૌરભ'' તથા આકર્ષક રંગસભર કેલેન્ડરનું વિમોચન કરવામાં આવેલ હતું.** આ સ્કુલને શિક્ષણ ક્ષેત્રેના કોઈપણ કાર્ય માટે મારી જરૂર પડે ત્યારે મારી સેવાઓ આપીશ તેવી ખાતરી આપી હતી.

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ - વાર્ષિકોત્સવ ઝલક



I Love BDSV



ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતીશ્રી હર્ષદભાઈ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહનું દિપ પ્રાગટ્ય



ડિજીટલ સ્માર્ટ ક્લાસનું ઉદ્દ્‌ઘાટન તથા ડેમોસ્ટ્રેશન નિહાળતા શિક્ષણમંત્રીશ્રી



કુલપતિશ્રી દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન

આજના આ પ્રસંગોએ શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખશ્રી દિનેશભાઈ એસ. શાહ, ઉપપ્રમુખ ડો. યશવંતભાઈ એચ. ઝવેરી, માનદમંત્રીશ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, પ્રોગ્રામ સમિતિના સિનિયર એડવાઈઝર શ્રી રોહીતભાઈ એમ. શાહ, વિદ્યાલય સમિતિના શ્રી દાનેશભાઈ વી. શાહ તેમજ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોશ્રી વિક્રમભાઈ એસ. શાહ તથા દિપકભાઈ એમ. શાહની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અમદાવાદથી સ્થાનિક સમિતિના સભ્ય શ્રી કલ્પેશભાઈ બારોટ તથા મંડળના પાટણ ખાતેના સંચાલકશ્રી ધીરૂભાઈ શાહ, સંસ્થાની મુંબઈ ઓફિસથી શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયાએ હાજરી આપી પ્રસંગને દિપાવ્યો હતો.**

કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થિનીઓના સહકારથી **સુપરવાઈઝર શ્રી પી.આર. દેસાઈ** દ્વારા આગવી શૈલીમાં કરવામાં આવ્યું.

❑ **વિદ્યાલય સમિતિ**




કુલપતિશ્રીને મોમેન્ટો અર્પણ કરતા પ્રમુખશ્રી તથા હોદ્દેદારો



શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રિન્સીપલ ડો. બળદેવભાઈનું અભિવાદન




વાર્ષિક અંક ''સૌરભ''નું વિમોચન કરતા શિક્ષણમંત્રીશ્રી તથા હોદ્દેદારો

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● January 2022 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# સ્પંદન ૨૦૨૧ સાંસ્કૃતિક કાર્યક્રમ













**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત**

## શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પાટણ

**આધુનિક સગવડ - વિશેષ આકર્ષણો...**

- ગ્રાઉન્ડ ફ્લોર તથા ત્રણ મંજલિ ઈમારત અદ્યતન સુવિધાયુક્ત લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એસી તેમજ નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર
- વેસ્ટર્ન ટાઈપ ટોયલેટ
- વાઈફાઈની સુવિધા
- ગરમપાણીની સુવિધાર્થે સોલાર ગીઝર
- ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- ચેક ઈન ટાઈમ ૯.૩૦ - ચેક આઉટ ટાઈમ ૯.૦૦
- **અતિથિગૃહમાં ઉપલબ્ધ હોય તો ચાર માસ અગાઉ નિયત ડિપોઝીટની રકમ સ્વીકારી તુરંત બ્લોકનું કન્ફર્મ બુકીંગ કરવામાં આવે છે.**
- સંજોગોવસાત બ્લોક બુકિંગ રદ્દ કરવાનું થાય તો ૧૫ દિવસ અગાઉ જાણ કરાતા ૫૦ ટકા રકમ રીફંડ આપવામાં આવશે.
- અતિથિગૃહની લગોલગ જૈન ભોજનશાળામાં નવકારશી, બપોરનું ભોજન તથા ચોવીહારની વ્યવસ્થા.
- પાટણ ખાતે પેન / આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી અનિવાર્ય રહેશે
- મુંબઈ ખાતે સંસ્થાની ઓફિસમાંથી બ્લોક બુકીંગ થાય છે
  સંપર્ક : ફોન : ૨૨૮૧૧૩૪૬/મો. ૮૭૭૯૧૬૧૨૦૯
- પાટણ ખાતે અતિથિગૃહમાંથી પણ બ્લોક બુકીંગ થાય છે
  સંપર્ક : ફોન: ૦૨૭૬૬-૨૨૦૭૧૫/ધીરૂભાઈ - ૦૯૪૨૯૦૧૬૬૬૫

**પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખવો**


Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,